સંસ્કૃતિ શો-કેસમાં : પરંપરા પસ્તીમાં

+ વાઈબ્સ
ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

"આ દેશમાં તો રહેવા જેવું જ નથી," એક ભાઈએ ફોન પર વ્યથા ઠાલવી. મેં પૂછ્યું, "કેમ, શું થયું?" સામેથી જવાબ આવ્યો, "તમે રોજ પોકારી પોકારીને કહો છો કે આપણી મહાન સંસ્કૃતિ, ઉચ્ચ મૂલ્યો, શ્રેષ્ઠ પરંપરા... પણ આજે ક્યાંય તેનો છાંટોય દેખાતો નથી. શો-કેસમાં સજાવેલી સંસ્કૃતિના બણગા ફૂંકવાનો શો લાભ?" કેવળ એક પ્રતિકૂળ ઘટના આ સજ્જન સાથે બની અને તેમણે સમગ્ર સંસ્કૃતિને જ મૃત ઘોષિત કરી દીધી.

વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર જીવનમાં જ્યારે કોઈ અણધાર્યો બનાવ બને ત્યારે આપણી સંસ્કૃતિ કે પરંપરાને માથે દોષ મઢવાની આપણી જૂની ટેવ છે. આપણી ચર્ચાઓમાં ભારત દેશની ગરીબી અને અછતની વાત ન આવે એવું ભાગ્યે જ બને! વળી, ચર્ચાના અંતે આપણે આ બધાની જવાબદારી આપણી પરંપરા ઉપર નાંખીને ઊભા થઈએ છીએ. એથીય વધારે અક્ષમ્ય એ છે કે અણસમજ અને યોગ્યતા વગર કોઈક નવીન ક્રાંતિકારી વિચાર આપવાની સ્પર્ધામાં આપણે જ આપણા ભવ્ય વારસાનું ખંડન કરી ખુશ થઈએ છીએ.

નવો વિચાર કે નવો દૃષ્ટિકોણ આપવો સારી બાબત છે પણ કોના ભોગે ? પોતાનાં જ મૂળ ઉપર પ્રહાર કરીને ક્યારેય કોઈ વૃક્ષ ઊભું રહી શકે ખરું? કૂવાના દેડકાની વાત આપણે ઘણીવાર સાંભળી છે. હા, તેની ભૂલ તો છે જ, પરંતુ તે ક્ષમ્ય છે. પોતાની બુદ્ધિ અને અનુભવ પ્રમાણે દેડકો પોતાના સ્થાનનો મહિમા કહે છે. પરંતુ દેડકાનો એક ગુણ છે કે તે સમુદ્રની નિંદા નથી કરતો. તે ત્યાં પોતાની શ્રેષ્ઠતા બતાવવા ગયો પણ નથી. તે નિજાનંદમાં મસ્ત છે, નિંદાનંદમાં તેને રસ નથી. શું આપણી પરંપરામાં બુદ્ધિમત્તા અને તર્કસિદ્ધિનું સ્થાન જ નહોતું? ન્યાયદર્શનના ગ્રંથોએ જે પ્રખર તર્કસભર શાસ્ત્રાર્થની પદ્ધતિ આપી છે તે સમગ્ર વિશ્વમાં અજોડ છે. સામાન્ય બુદ્ધિશાળી માણસોની બુદ્ધિસીમા પછી ન્યાયદર્શનની સીમાનો આરંભ થાય છે. હા, આ ગ્રંથોને ભણવા માટે અત્યંત ઉચ્ચ કક્ષાની પ્રજ્ઞા જોઈએ. આવા તાર્કિક દર્શનોમાં પણ ભગવાન, આત્મા, મંદિર, પરંપરા, પ્રણાલી આદિનું મંડન જ થયું છે. આપણી સંસ્કૃતિ અને પરંપરાની રક્ષા માટે જ આ ગ્રંથો હતા. જો કોઈને ખરેખર બુદ્ધિશાળી, વિચારક, વિવેચક, મીમાંસક કે તાર્કિકનું પાટિયું લગાડવું હોય તો એક વાર ન્યાયવેદાંતનાં શાસ્ત્રોને જોવાં જ રહ્યાં.

સાચી બુદ્ધિમત્તા સંસ્કૃતિના ખંડનમાં નહીં પરંતુ તેના જતનમાં છે. તે જ સાચું જ્ઞાન છે. એટલે જ સંસ્કૃતિના રક્ષક અને પરંપરાના નિર્વાહક મહાપુરુષોને લોકો બુદ્ધિશાળી નહીં પરંતુ જ્ઞાની કહે છે.

> **કૂવાના દેડકાની વાત આપણે ઘણીવાર સાંભળી છે. હા, તેની ભૂલ તો છે જ, પરંતુ તે ક્ષમ્ય છે. પોતાની બુદ્ધિ અને અનુભવ પ્રમાણે દેડકો પોતાના સ્થાનનો મહિમા કહે છે. પરંતુ દેડકાનો એક ગુણ છે કે તે સમુદ્રની નિંદા નથી કરતો**

સંયુક્ત રાષ્ટ્ર સંઘ(UNO) દ્વારા તારીખ ૨૯/૮/૨૦૦૦ના રોજ World Peace Summitનું આયોજન થયેલું. આ સભામાં વિશ્વના ૫૪ દેશોમાંથી ૧૮૦૦ ધર્મગુરુઓએ ભાગ લીધો હતો. વિશ્વના પ્રમુખ ધર્મ-સંપ્રદાયોના પ્રતિનિધિઓને સભાને સંબોધવા માટે આમંત્રિત કરાયેલા, જેમાં સનાતન હિંદુ ધર્મનું વૈશ્વિક પ્રતિનિધિત્વ પ્રમુખસ્વામી મહારાજે કર્યું હતું. સનાતન સંસ્કૃતિ અને પરંપરામય વેશભૂષા હોય કે પછી પ્રવચનની ગુજરાતી ભાષા હોય, વૈદિક મંત્રગાન હોય કે પછી ભગવાનની ચલ મૂર્તિનું અખંડ સાંનિધ્ય હોય, સ્વામીજીના માધ્યમથી યુનોની આ સભામાં ભારતીયતા પ્રતિષ્ઠિત થઈ ગઈ.

જે જ્ઞાની મહાપુરુષોની એક મુલાકાતથી યુનો જેવી શ્રેષ્ઠ સંસ્થાના જનરલ સેક્રેટરી કોફી અન્નાન પણ પ્રશંસક થઈ જતા હોય તેમની પરંપરાને કોઈ પછાત કહી શકે?

સ્વભાવ મેનેજમેન્ટ

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એરિસ્ટોટલે કહ્યું: 'Man is a social animal,' મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તો કોઈ અન્ય કહે છે: 'Man is a rational animal,' મનુષ્ય એક બુદ્ધિશાળી પ્રાણી છે, તો વળી આમ પણ સંભળાય છે : 'Man is a musical animal,' મનુષ્ય એક સંગીતમય પ્રાણી છે. મનુષ્યની આવી કેટલીયે જુદી જુદી વ્યાખ્યાઓ વિશ્વમાં થઈ છે. તેના મૂળમાં માણસમાં રહેલા જુદા જુદા સ્વભાવ છે. એ સ્વભાવના અનુભવથી લોકો માણસને ઓળખતા આવ્યા છે, ઓળખાવતા આવ્યા છે, માટે આવી અનેક ઓળખાણોના સરવાળા રૂપે કહેવું હોય તો એટલું જ કહી શકાય કે 'Man is a temperamental animal.' મનુષ્ય એ મૂળ તો સ્વભાવયુક્ત પ્રાણી છે,

જાતજાતના ને ભાતભાતના સ્વભાવોનું ઘર એટલે માણસ પોતે! મધ જેવા મીઠા ને મરચાં જેવા તીખા સ્વભાવ એમાંથી તમને મળે. તૂરા ને બૂરા, ખારા ને ખોરા સ્વભાવ પણ મળી આવે તો નવાઈ નહીં પામવાની. એ તમને યાદ પણ કરશે ને તમારી સામે ફરિયાદ પણ કરશે. એ લાગણીઓ પણ વ્યક્ત કરશે ને માગણીઓ પણ મૂકશે. એ નિંદા માટે પણ મોં ખોલી શકે છે ને પ્રશંસા માટે પણ! એ મારવા માટે પણ હાથ લંબાવી જાણે છે ને તારવા માટે પણ.

વળી, યુગ અને જમાનાની ઓળખાણ પણ મનુષ્યના સ્વભાવ ઉપરથી કરવામાં આવે છે.

ઈજિપ્તના પિરામિડોનું ઐતિહાસિક સંશોધન માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. ખોદકામ કરતાં કેટલાક એવા અવશેષો મળી આવ્યા કે જેના પર કંઈક લખેલું હતું. પ્રાચીન લિપિના નિષ્ણાતોએ હજારો વર્ષો પૂર્વેના એ લખાણને વાંચ્યું તો તેમાં એક જગ્યાએ એમ લખેલું હતું કે 'અત્યારે જમાનો બગડી ગયો છે. આજથી વર્ષો પહેલાંનો જમાનો ખૂબ સારો હતો.' આશ્ચર્યની વાત તો એ છે કે આજથી હજારો વર્ષ પૂર્વે લોકો જે બોલતા હતા એવાં જ વિધાનો આજે પણ લોકો બોલે છે. અર્થાત્ કદાચ પ્રવૃત્તિઓ બદલાઈ હશે પણ વૃત્તિ તો એની એ જ છે.

હા, સ્વભાવ કે પ્રકૃતિ એ અનાદિકાળથી આપણી સાથે જ છે. ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગ્રંથમાં સમજાવે છે કે

'જીવે જે પૂર્વજન્મને વિશે કર્મ કર્યાં છે તે કર્મ પરિપક્વ અવસ્થાને પામીને જીવ ભેળાં એકરસ થઈ ગયાં છે. જેમ લોઢાને વિશે અગ્નિપ્રવેશ થઈ જાય, તેમ પરિપક્વપણાને પામીને જીવ સાથે મળી રહ્યાં એવાં જે કર્મ તેને જ સ્વભાવ કહીએ અને તેને જ વાસના તથા પ્રકૃતિ કહીએ.'

આમ, કોટિકલ્પથી આ સ્વભાવ માણસમાં લોહીની જેમ વણાઈ ગયા છે. ગંભીરતાપૂર્વક વિચારીએ તો જણાઈ આવશે કે વિશ્વનાં ભયાનક યુદ્ધો, પારિવારિક સંબંધોમાં તિરાડ, વ્યાવસાયિક સ્થળોમાં પક્ષપાત, શાસનમાં ષડ્યંત્ર વગેરેનાં મૂળ તો કામ, ક્રોધ, માન, મોહ, ઈર્ષ્યા જેવા માણસના સ્વભાવો જ છે. હા, દ્વિતીય વિશ્વયુદ્ધની પાછળ હિટલરનો અહંકાર હતો તો પાણિપતની પડતી માટે ભારતીય રાજાઓના શંકાળુ અને ક્રોધી સ્વભાવો હતા. રાવણના કામદોષે રામાયણ સર્જ્યું તો મહાભારતના સંગ્રામમાં દુર્યોધનનો ઈર્ષ્યાળુ સ્વભાવ જવાબદાર હતો. સ્પષ્ટ છે કે જ્યાં સુધી આ સ્વભાવો આપણામાંથી દૂર નથી થતા ત્યાં સુધી સુખમય જીવનની કલ્પના અશક્ય છે.

> 'અત્યારે જમાનો બગડી ગયો છે. આજથી વર્ષો પહેલાંનો જમાનો ખૂબ સારો હતો.' આશ્ચર્યની વાત તો એ છે કે આજથી હજારો વર્ષ પૂર્વે લોકો જે બોલતા હતા એવાં જ વિધાનો આજે પણ લોકો બોલે છે

આવા મહાભયાનક શત્રુને દૂર કરવાનો ઉપાય બતાવતાં વચનામૃત જણાવે છે-

'માટે જે સ્વભાવે પોતાને ફજેત કર્યો હોય, તે સ્વભાવ સાથે સીધું દૃઢ વૈર બાંધીને તેનું મૂળ ઊખડી જાય એવો ઉપાય કરવો. અને જ્યારે હરિની ને હરિભક્તની જે ઉપર દયા થાય ત્યારે પોતાના શત્રુ જે કામ, ક્રોધ, લોભાદિક તેનું બળ ઘટી જાય છે. માટે સ્વભાવ સાથે અતિશય વૈર કરીએ તો તેની પરમેશ્વર સહાય કરે છે.'

હા, અત્યાર સુધી આપણે સ્વભાવોને મિત્ર માનીને પંપાળતા રહ્યા, પરિણામે તે વધુ ગાઢ બનતા ગયા, પરંતુ જો શાશ્વત સુખ અને શાંતિ તરફ વળવું હોય તો સ્વભાવો સાથે વૈર બાંધવું જ રહ્યું.

sanskar@sandesh.com

ટીપે ટીપે સરોવર ભરાય

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

માઈકલ જૅક્સન અને અમિતાભ બચ્ચન જેવા દિગ્ગજોએ પણ જેની સારવાર લીધી છે એવા અમેરિકાના પ્રખ્યાત ઈ.એન.ટી સર્જન ડૉ.નવીન મહેતાને એક વાર પૂછવામાં આવ્યું કે, 'તમે કેટલા વાગ્યે ઊઠો છો?' તેમણે કહ્યું, 'સવારે ૩:૪૩.' બધાને આશ્ચર્ય થયું, કારણ કે મોટાભાગે લોકો એલાર્મ ૩:૩૦, ૩:૪૫ કે ૪:૦૦ વાગ્યાનો મૂકે અને તેમણે આવો ટાઈમ બતાવ્યો. ત્યારે આનું કારણ જણાવતાં નવીનભાઈ કહે, 'મેં દૃઢ નિર્ધાર કર્યો છે કે મારા નક્કી કરેલા સમયે મારે ઊઠવું જ છે. એક પણ મિનિટ મોડા નહીં. તો વર્ષોથી હું એ મુજબ ઊઠું છું.'

મિત્રો ! આજના ઝડપી જમાનામાં કોઈપણ ક્ષેત્રમાં જો આગળ વધવું હોય, ઊંચે જવું હોય તો સાતત્યપૂર્ણ કામ કરવું અતિ આવશ્યક છે. સાતત્ય (Continuity)ને બીજા શબ્દોમાં નિયમિતતા પણ કહી શકાય. સાતત્ય એટલે સતત કે વારંવાર કરવામાં આવતી ક્રિયા. સાતત્યથી સર્વ કામ સિદ્ધ થાય છે, આ જ વાત એક કહેવતમાં સરળ રીતે મુકાઈ છે-'ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય.'

બિલ ગેટ્સે એક માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ સમક્ષ પોતાના અનુભવનો નિચોડ રજૂ કરતાં કહ્યું હતું કે 'તમે શાળામાંથી બહાર નીકળતાં જ વર્ષના ૬૦,૦૦૦ ડૉલર કમાઈ શકવાના નથી. તમે કોઈ કંપનીના ઉચ્ચ હોદ્દેદાર બની ગાડીમાં ફરવાલાયક તરત બની નહીં જાઓ. ત્યાં સુધી પહોંચવા માટે તમારે તેને લાયક બનવું પડશે.' એટલે કે સાતત્યપૂર્ણ પરિશ્રમ કરવો પડશે, જે તેમણે કર્યો હતો. વળી, આગળ કહ્યું, 'જીવન એ શાળાનાં સત્રોની જેમ મહિનાઓમાં વહેંચાયેલું હોતું નથી તેમજ એમાં તમને ઉનાળાનું વેકેશન પણ મળતું નથી.'

વિદ્યાનગરના એક સમયના પ્રસિદ્ધ પ્રોફેસર અને ગણિતના મહાવિદ્વાનને તેઓની સફળતાનું રહસ્ય પૂછવામાં આવ્યું ત્યારે તેઓએ જણાવ્યું હતું: રોજની ૧૮ કલાક મહેનત, ૨૦ વર્ષ સુધી - નો સનડે, નો હોલિડે, નો વેકેશન.

રોકેટના લોન્ચિંગ વખતે જરૂરી પ્રમાણમાં સતત ઈંધણ ન મળે તો? તે હેઠું પડે. કાર કે બાઈકના એન્જિનને સતત મળતાં પેટ્રોલમાં એર કે કચરો આવી જાય તો? ડચકાં ખાય. જેમ એમાં ઈંધણનો સતત પ્રવાહ વહેતો રહેવો જોઈએ, તેવી રીતે જીવનમાં પણ સફળતા પામવા માટે સાતત્યતા રૂપી ઈંધણ અવશ્ય જોઈએ.

ભગવાન સ્વામિનારાયણ પણ વચનામૃત ગ્રંથમાં આ વાતને સમજાવતાં કહે છે : 'જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ, પછી વળી બીજા દિવસે અથવા ત્રીજા દિવસે તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ. તેમ કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહીં; કાં જે, આગલા દિવસનું જણ આગલા દિવસે સુકાઈ જાય ને પાછલા દિવસનું પાછલે દિવસે સુકાઈ જાય. અને જો આંગળી જેવી નાની જ પાણીની સેર (ધાર) અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય.'

રમત કે બિઝનેસ, વિજ્ઞાન કે કલા, કોઈપણ ક્ષેત્ર હોય, અરે ! અધ્યાત્મ ક્ષેત્ર કેમ ન હોય? તેમાં પણ સાતત્ય વિના ચાલે તેમ નથી. બી.એ.પી.એસ. સંસ્થાની કીર્તિમાં સમયે સમયે યશકલગી ઉમેરતા રહેનાર

રમત કે બિઝનેસ, વિજ્ઞાન કે કલા, કોઈપણ ક્ષેત્ર હોય, અરે ! અધ્યાત્મ ક્ષેત્ર કેમ ન હોય? તેમાં પણ સાતત્ય વિના ચાલે તેમ નથી, સતત સાતત્ય જરૂરી છે. તે કરીશું તો જ ટકી શકીશું, સાતત્ય નહીં તો કંઇ નહીં

પ્રમુખસ્વામી મહારાજે વર્ષો સુધી ક્યારેય હોલી-ડે કે વેકેશન પાડ્યું નહોતું. એક વાર એક સંતે પૂછ્યું : 'આપને કોઈ મળનારું ન હોય ને કોઈપણ કામ ન હોય ત્યારે તમે શું કરો?' ત્યારે સ્વામીશ્રી તુરંત બોલ્યા: 'ન હોય તો ઊભું કરીએ.' હા! અનેકવિધ બીમારીઓમાં પણ સતત કાર્યશીલ તેઓશ્રી ૮૫ વર્ષે દિલ્હી-અક્ષરધામ તથા ૯૧ વર્ષે સત્-ચિત્ત-આનંદ વૉટર-શૉનું જેવાં વિશ્વવિખ્યાત સર્જન કરી શકતા કારણ વર્ષો સુધીનો એકધારો પુરુષાર્થ.

જેમ સૂર્ય-ચંદ્ર-નક્ષત્રો તેમની દિનચર્યા અતૂટ નિયમિત રાખે છે, તેથી જ બ્રહ્માંડોની સ્થિતિ,પરિસ્થિતિ સમતોલ રહે છે અને જીવપ્રાણીમાત્રનું જીવન સરળ ને સહજ રીતે ગતિમાન છે તેમ વ્યક્તિ પણ તેની દિનચર્યા અતૂટ નિયમિત રાખે તો જ તેનું અને તેના પરિવારનું જીવન સરળ, સહજ અને સુખી બની રહે.

sanskar@sandesh.com

જિંદગી પછીનું જીવન

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

> **જિંદગી એવી જીવવી જોઈએ કે આપણા ગયા પછી લોકો આપણને યાદ કરે. સારી ભાવનાથી, નહીં કે ઘૃણાથી!**

લગભગ સો વર્ષ પૂર્વેની વાત છે. એક વ્યકિતએ પોતાનું નામ છાપાના 'બેસણાં'ના વિભાગમાં વાંચ્યું. તેને અતિ આશ્ચર્ય થયું. સમાચારપત્રવાળાઓએ હકીકતમાં ભૂલથી એમનું નામ છાપી દીધું હતું. આખી વિગત વાંચીને એ માણસ થોડી વાર માટે તો ખરેખર ચોંકી ઊઠ્યો. જ્યારે એણે પોતાની જાતને સંભાળી લીધી, ત્યારે એને વિચાર આવ્યો કે એના વિશે સમાચારપત્રમાં આવું કેમ છાપ્યું છે, એ એણે જાણવું જોઈએ, કેમ કે સમાચારપત્રમાં એના વિશે લખ્યું હતું, 'ડાયનેમાઈટનો રાજા મૃત્યુ પામ્યો.' અને 'એ મૃત્યુનો સોદાગર હતો.' આ વ્યક્તિ ડાયનેમાઈટનો શોધક હતો અને તેણે 'મૃત્યુનો સોદાગર' જેવા શબ્દો વાંચ્યા, ત્યાં તેણે પોતાની જાતને પૂછ્યું, 'શું લોકો મને આ રીતે યાદ કરશે?' એ માણસ ભાવુક થઈ ગયો. એણે એવું નક્કી કરી લીધું કે એ બિલકુલ એવું નથી ઈચ્છતો કે લોકો એને 'મૃત્યુના સોદાગર' તરીકે યાદ કરે. એ દિવસથી એણે દુનિયામાં શાંતિ ફેલાવવા માટે કામ શરૂ કર્યું. એ માણસનું નામ હતું, આલ્ફ્રેડ નોબેલ. આજે લોકો એમને નોબેલ પારિતોષિકના જનક તરીકે જ યાદ કરે છે. કહ્યું છે-

જગતમાં જ્યારે તું આવ્યો હતો, જગ હસતું રહ્યું અને તું રડતો રહ્યો.

હવે જીવી જા તું જિંદગી એવી, તું જાય ત્યારે જગત રડે અને તું હસતો રહે.

જ્યારે એક બાળકનો જન્મ થાય છે, ત્યારે સૌથી વધુ આનંદ કોને થાય છે? માતા-પિતા, સગાં-સંબંધી અને મિત્રોને, પરંતુ રડતું કોણ હોય છે? એ નવજાત શિશુ. જોકે આપણે જ્યારે આ દુનિયા છોડીને જઈએ છીએ, ત્યારે એનાથી ઊલટું થવું જોઈએ. આપણને ખુશી થવી જોઈએ, એ બાબતની કે જન્મ સમયે આપણને જેવી દુનિયા મળી હતી, એના કરતાં વધુ સારી સ્થિતિમાં આ દુનિયાને છોડીને જઈ રહ્યા છીએ. હા, જ્યારે તમારી જિંદગી પછી પણ તમારા માટે કોઈ રડે છે, યાદ કરે છે તો સમજી લો કે તમે હજૂ જીવિત છો.

એટલે જિંદગી એવી જીવવી જોઈએ કે આપણા ગયા પછી લોકો આપણને યાદ કરે. સારી ભાવનાથી, નહીં કે ઘૃણાથી!

લોકોનાં હૃદયમાં આપણી શાશ્વત સ્મૃતિ રહે તે માટે એક તત્ત્વચિંતક કહે છે, 'આજ સુધી કોઈપણ વ્યક્તિનું સન્માન એ કારણથી નથી કરવામાં આવ્યું કે એણે દુનિયા પાસેથી શું અને કેટલું લીધું ? પણ હા, એટલા માટે જરૂર કરવામાં આવ્યું છે કે એણે દુનિયાને શું અને કેટલું દીધું ?'

ચેન્નાઈના ડૉ. બદરીનાથ આંખના વિખ્યાત સર્જન છે. વર્ષો પહેલાં તેઓની માસિક પાંચ લાખની પ્રેક્ટિસ હતી, પરંતુ એક વખત કાંચીના શંકરાચાર્યે તેઓને સહેજ ટકોર કરી અને નિઃસ્વાર્થ સેવા કરવા પ્રેરણા આપી. ગુરુના આ શબ્દો તેમણે હૃદયમાં ઉતાર્યા. પોતાની વ્યક્તિગત મહેચ્છાને છોડીને લોક કલ્યાણમાં પ્રવૃત્તિમાં જોડી. તેઓએ શંકર નેત્રાલયની સ્થાપના કરી, જ્યાં દેશ-વિદેશના લાખો દર્દીઓ નજીવી ફીમાં સારવાર લઈ રહ્યા છે. 'બીજાનું ભલું કરવું.', 'બીજા માટે ઘસાવું.' આવી પરોપકારી ભાવનાથી વ્યક્તિ સન્માનીય બને છે, આદરણીય બને છે, સ્મરણીય બને છે. પ્રમુખસ્વામી મહારાજ પણ કહેતા કે, 'બીજાના સુખમાં આપણું સુખ.' અને એ પ્રમાણે તેઓએ લાખો લોકોના વ્યક્તિગત પ્રશ્નોમાં સ્વજનની પેઠે રસ લઈને એના ઉકેલ લાવી આપ્યા. લોકોની સમસ્યાઓ ઉકેલવા માટે તેઓ રોજના સેંકડો લોકોને મળતાં રહ્યા. એટલું જ નહીં, એક ગણતરી મુજબ ૭૦૦૦૦૦ કરતાંય વધુ પત્રો દ્વારા સ્વામીશ્રીએ લોકોને જીવનની દ્વિધામાંથી ઉકેલ આપ્યા છે, સલાહ, સૂચન અને માર્ગદર્શન આપ્યાં. એટલે આજે તેઓના ધામગમનને વર્ષો વીતી ગયાં છતાં લાખો લોકો તેઓને રોજ હૃદયપૂર્વક યાદ કરે છે.

જો આપણી ઈચ્છા હોય કે લોકો આપણને યાદ રાખે અને બધાનાં હૃદયમાં આપણું સ્થાન હોય તો બીજા લોકો માટે આપણે ભોગ આપવા તત્પર થઈએ- સમયનો ભોગ, શક્તિનો ભોગ, નિઃસ્વાર્થ સેવાનો ભોગ અને આપણાં કાર્યોથી સમાજને મદદરૂપ થવામાં ભોગ આપીએ.

સંસ્કારનું ઘડતર કરો

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

> **મા-બાપ દ્વારા આપવામાં આવતા સંસ્કાર જ જીવન ઘડતરનો પાયો છે, તેથી જો સંસ્કારનું સિંચન સારું થશે તો પાયો મજબૂત બનશે**

'પપ્પા-પપ્પા! આ જુઓને ક્લાસનો ટાઈમ થઈ ગયો છે ને મોબાઈલમાં ઈન્ટરનેટ ખૂલતું નથી.' પાંચમા ધોરણમાં ભણતાં રિંકુએ પિતા ભરતભાઈને કહ્યું.

'રિંકુ, હજુ અઠવાડિયા પહેલાં જ તો રિચાર્જ કરાવી આપ્યું હતું.'

'પપ્પા, એ તો રોજની સ્કૂલ અને ટ્યૂશન આમાં ચાલે એટલે ખલ્લાસ થઈ જાયને!' રિંકુએ આંખ મીંચકારતાં કહ્યું.

'રોજનો કેટલો ડેટા વાપરે છે તું?' ભરતભાઈએ કડકાઈથી પૂછ્યું.

'પપ્પા, બસ ૩-જીબી.'

'અલ્યા, ૩-જીબી! એ બસ કહેવાય? આમાં તો મહિનો નીકળી જાય છે અમારો! સારું વાંધો નહીં, ઓફિસે જતાં ભરાવી દઈશ. અત્યારે મમ્મીનો ફોન વાપર.'

આટલું જ સાંભળવા ઝંખતો રિંકુ તો મમ્મીનો ફોન લઈને તુરંત ઈન્ટરનેટની પાંખે ઊડીને પહોંચી ગયો ઓનલાઈન સ્કૂલમાં.

આ બાજુ ભરતભાઈ પોતાના બાળકુસુમને ઈન્ટરનેટના વાયરામાં ફંગોળાતો જોઈ રહ્યા અને નિસાસો નીકળ્યો, 'આ કોરોનાએ તો દાટ વાળ્યો છે. છોકરાં ભણવા કરતાં બગડે છે વધારે.'

હા, આવી દુહાઈ દેતાં મા-બાપનાં દર્શન આજે ઘરોઘર જોવા મળી રહ્યાં છે. હાલ બાપ્સ સંસ્થાના એક હજારથી વધુ સંતો-કાર્યકરો અધ્યાત્મ, નૈતિકતા તેમજ કોરોના વેક્સિનની જાગૃતિ માટે ગુજરાતભરમાં લાખો ઘરોમાં પધરામણી કરી રહ્યાં છે. તેમના અનુભવોના આધારે નિષ્ણાતોએ તારણ કાઢ્યું કે કોરોના મહામારીએ જેટલી જાનહાનિ કરી છે તેથી વધુ તેણે ચારિત્ર્યહાનિ કરી છે. કોરોનામાં માણસનાં મૃત્યુ માટે તો ઘણા જાગ્રત છે પણ સંસ્કારોનાં મૃત્યુ માટે કેટલાં?

કલાકો સુધીના નેટ-સર્ફિંગના વ્યસન કે કુટેવ માટે નિષ્ણાતો કહે છે: 'અશ્લીલ અને અસામાજિક પદ્ધતિઓ શીખવતી વેબસાઈટોના સર્ફિંગથી વિદ્યાર્થીઓ અને યુવાનોનાં ચારિત્ર્ય અને મનોબળ પર ઘાતક અસર પડી રહી છે અને લાંબા સમય સુધી બેસી રહેવાને કારણે તેઓ અભ્યાસ અને આરોગ્ય બંનેને ખતરામાં મૂકી દે છે.'

આવી સ્થિતિમાં ઉપાય છે- મા-બાપની જાગૃતિ. અંગ્રેજ તત્ત્વચિંતક અને નોબેલ પ્રાઈઝ વિજેતા બર્ટ્રાન્ડ રસેલે 'એજ્યુકેશન એન્ડ ધ સોશિયલ ઓર્ડર' પુસ્તકમાં કહ્યું હતું કે, 'સ્કૂલ કરતાં ઘરમાં આપવામાં આવેલું શિક્ષણ વધારે ઉપયોગી છે. અત્યારે બાળકો અને યુવાનોના માનસિક વિકાસમાં ઘરનાએ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની છે.' મા-બાપ દ્વારા અપાતા સંસ્કાર જ સંતાનના જીવનઘડતરનો પાયો છે.

અંગ્રેજ કવિ સેમ્યુઅલ ટેઈલર કોલરિજને તેમના એક મિત્રે કહ્યું, 'મને એ સમજાતું નથી કે તેઓ શા માટે બાળકોને ધાર્મિક શિક્ષણ આપવાની હિમાયત કરી રહ્યા છે!' - 'કેમ, તેમાં વાંધો લેવા જેવું શું લાગે છે?' કવિએ પૂછ્યું. આ સાંભળી તેનો મિત્ર કહે, 'બાળકોની બુદ્ધિ અપરિપક્વ હોય છે. તે પરિપક્વ ન થાય ત્યાં સુધી તેના પર આવા વિચારો લાદવા જોઈએ નહીં. મોટા થાય ત્યારે જ તેઓ શું ગ્રહણ કરવું અને શું ગ્રહણ ન કરવું તે નક્કી કરી શકે. વળી, બાળકોની સ્વતંત્રતા પર તરાપ મારીને ધાર્મિક શિક્ષણ આપવું તેને તો હું જોહુકમી જ માનું છું.' આ સાંભળી કવિએ કશો જવાબ ન આપતાં કહ્યું, 'ચાલો, મારા બગીચામાં એક લટાર મારીએ.' બગીચામાં જ્યાંત્યાં ઊગેલું મોટું ખડ, ઝાડઝાંખરાં, નકામો છોડ વગેરે જોઈ પેલાએ કહ્યું, 'આને તમે બગીચો કહો છો? આને જંગલ કહો, જંગલ! જુઓ તો ખરા, ચારે બાજુ કેવું બધું આડેધડ ઊગી નીકળ્યું છે.'

કવિ કોલરિજ કહે, 'બગીચામાં કોઈ છોડ, ઘાસ કે વેલીની સ્વતંત્રતા ઉપર હું ખોટું આક્રમણ કદી કરતો નથી, એમને જેમ ઊગવું હોય તેમ ઊગે! એમની મરજી મુજબ ઊગવા અને ફાલવા દઉં છું.' આ સાંભળી પેલો મિત્ર સમજી ગયો કે કોલરિજે પોતાને પોતાની સમજણ વિશે ઉત્તર આપી દીધો છે.

પ્રમુખસ્વામી મહારાજ પણ કહેતાં 'જો તમે તમારાં બાળકોને સંસ્કાર નહીં આપો તો સંપત્તિ અને સંતતિ બંને ગુમાવવાનો વારો આવશે.' કેમ કે કોરોનાના વિષાણુ સંસ્કાર-હનન દ્વારા બાળમાનસને ભરડામાં લઈ માનવ જ નહીં માનવજાતને નુકસાન પહોંચાડી રહ્યા છે, તેનાથી ચેતીએ.

sanskar@sandesh.com

જીવન-ઉદ્દેશની પસંદગી

> **આપણને જીવન-ઉદ્દેશની પસંદગી કરવાની આઝાદી આપવામાં આવી છે. તેનો સદ્‌ઉપયોગ કરવો જ રહ્યો**

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

બૉબ રિચાર્ડ્સ તેના પુસ્તક 'Heart of a Champion'માં ઑલિમ્પિક ચૅમ્પિયન ચાર્લી પેડોકની વાત કરે છે. એક વાર ક્લિવલૅન્ડમાં વિદ્યાર્થીઓને સંબોધન કરતાં ચાર્લીએ કહેલું, 'જો તમે ધારો કે મારે આ કરવું છે, તો તમે કરી જ શકો. જો તમે દૃઢતાથી કોઈ લક્ષ્ય બાંધો તો તે તમારા જીવનમાં સિદ્ધ થાય જ.' અંતે તેણે કહ્યું, 'કોણ જાણે? કદાચ અત્યારે આપણી વચ્ચે ભવિષ્યનો ઑલિમ્પિક ચૅમ્પિયન પણ બેઠો હોય.' થોડી વાર બાદ એક પાતળો બાળક તેમની પાસે આવ્યો ને ઉત્સાહથી કહ્યું, 'મિસ્ટર પેડોક, હું પણ તમારા જેવો ઑલિમ્પિક ચૅમ્પિયન બનવા માંગું છું અને તે માટે હું કંઈ પણ કરવા તૈયાર છું.' તે બાળકને પ્રેરણા મળી ગઈ અને એનું જીવન બદલાયું. ૧૯૩૬માં તેણે બર્લિનમાં ચકિત કરી દે એવી રજૂઆતો કરી ને ચાર ગોલ્ડ મેડલ મેળવ્યા. તેનું નામ હતું 'જેસી ઓવન્સ'.

આ જેસી ઓવન્સની વિજયયાત્રા દરમ્યાન એક બાળક તેની પાસે આવ્યો અને કહ્યું, 'મિસ્ટર ઓવન્સ, જો હું તમારા જેવો ઑલિમ્પિક ચૅમ્પિયન બનવા માંગું છું અને તે માટે હું કંઈ પણ કરી છૂટવા તૈયાર છું.' ઓવન્સે કહ્યું, 'બેટા, જ્યારે હું તારાથી સહેજ મોટો હતો ત્યારે મારી પણ આવી જ ઈચ્છા હતી. જો તું મહેનત કરીશ અને ધારીશ તો એક દિવસ તું જરૂર તારા લક્ષ્યને વીંધી શકીશ.' ૧૨ વર્ષ પછી લંડનના વેમ્બલી સ્ટેડિયમમાં - છ દોડવીરો ૧૦૦ મીટરની દોડ માટે મેદાનમાં ઊતર્યા. અને જે દોડવીર જીત્યો તે બીજો કોઈ નહીં પેલો બાળક જ હતો. તેનું નામ 'હૅરિસન બોન્સ ડિલેર્ડ.' તેથી જ કોઈકે લખ્યું છે કે **'Only those who can see the invisible can do the impossible.'** એટલે કે 'જે અદૃષ્ટને જોઈ શકે, તે અશક્ય વસ્તુ કરી શકે.'

આજે માણસની એક મોટી સમસ્યા એ છે કે તેને ખૂબ જ કંટાળો આવે છે, કાંઈ કરવાનું સૂઝતું નથી. તેથી ટીવી પર ચેનલો ફેરવ્યા કરે છે અથવા મોબાઈલ મચેડ્યા કરે છે અને એવી નિરર્થક પ્રવૃત્તિઓમાં એ પોતાનો સમય વ્યય કરે છે, કારણ એના જીવનનો ઉદ્દેશ શું છે એની તેને ખબર નથી. આગળ જતાં તેણે શું બનવું છે કે શું કરવું છે એની દૃષ્ટિ નથી. કેવળ એક જીવન-ઉદ્દેશની કમીને કારણે આજે માણસ પાસે બધું હોવા છતાં પણ તે જીવનમાં આગળ વધી શકતો નથી.

ભગવાને બક્ષિસ કરેલા સ્ત્રોતો કે માણસમાં રહેલી પ્રતિભાની ખામી નથી કે જે તેને સુખી, સમૃદ્ધ અને સફળ થતાં રોકે. ક્યારેક તેના પોતાના ખોટા નકારાત્મક વિચારો તેને સર્વોત્તમ સિદ્ધિથી વંચિત રાખી શકે છે. તેવા નકારાત્મક વિચારોને અળસાવવાનો અને આપણી સુષુપ્ત ક્ષમતાઓને વિસ્તારવાનો મુખ્ય રસ્તો છે જીવન-ઉદ્દેશનો નિર્ણય. એટલે કે ભવિષ્યમાં અમુક સમયે તમે ક્યાં હોવાનું ચાહો છો તેનું સ્પષ્ટ ચિત્ર! પોતાના સંકલ્પનું ચિત્ર જેને જેટલું સ્પષ્ટ તેટલું તેનું કાર્ય સહેલું અને જલદી સિદ્ધ થાય. દુનિયામાં જે મહાન પુરુષોએ ઈતિહાસ સર્જ્યા છે, તેનું એક કારણ તેમની પાસે જીવનનો એક ઉદ્દેશ હતો.

પ્રમુખસ્વામી મહારાજના ગુરુ શાસ્ત્રીજી મહારાજ કહેતાં કે, 'મારો જન્મ અક્ષરપુરુષોત્તમનાં મંદિરો બાંધવા થયો છે.' પોતાના આ જીવન ઉદ્દેશને સિદ્ધ કરવા તેમને માર-અપમાન-તિરસ્કાર બધું જ સહન કર્યું. રોજ ભિક્ષા માંગીને ખાવાનું, ગામેગામ ફરવાનું, ભૂખ-તરસ વેઠવાનું જાણે તેઓનો નિત્યક્રમ! અનેક પ્રકારની હાડમારી સહન કરીને તેઓએ અક્ષરપુરુષોત્તમનાં ૫ ભવ્ય મંદિરોનું નિર્માણ કર્યું. જેમાંનું પ્રથમ મંદિર હતું- બોચાસણમાં. આજે વિશ્વપ્રસિદ્ધ બનેલી બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થા તેઓના જીવન-ઉદ્દેશનું જ પરિણામ છે.

આપણને જીવન-ઉદ્દેશની પસંદગી કરવાની આઝાદી આપવામાં આવી છે. પછી તે પસંદગીને સાકાર કરવા માટે જે પ્રયાસો કરીને આપણા ભવિષ્ય પ્રતિ આપણી સંપૂર્ણ તાકાતને જેટલી કામે લગાડીએ તેટલું આપણે આપણા તેમજ આપણી આસપાસના લોકો માટે એ ભાવિનું નિર્માણ કરીએ છીએ.

sanskar@sandesh.com

સ્વપ્નમાંથી સિદ્ધિ તરફ

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક વાર એક ખેડૂતનો દીકરો ગામડેથી ન્યૂયોર્ક ફરવા આવ્યો. ૧૪ વર્ષની ઉંમરે એક આલીશાન હોટલ સામે જોઈ પિતાને પૂછ્યું: 'ચાલોને, પેલી હોટલમાં એક દિવસ રહીએ?' પિતા: 'એટલા પૈસા આપણી પાસે ક્યાં છે?' થોડું વિચારીને પુત્ર હિલ્ટને કહ્યું : 'તો એ હોટલ જ આપણી બનાવીએ તો ગમે તેટલા દિવસ રહેવાય.' પિતા: 'કેવી ઊંચી વાત કરે છે.' પણ ૧૪ વર્ષની નાની ઉંમરના હિલ્ટને એ સ્વપ્ન મનમાં રાખ્યું. મનમાં ચિત્ર નક્કી કર્યું 'ન્યૂયોર્કમાં મારે હોટલ બનાવવી છે.' પછી નિયમિત મહેનત કરી. ભણ્યો. વેપાર શરૂ કર્યો. નાની હાટડી માંડી, ક્રમે ક્રમે વેપાર વધતો ગયો. પાછળથી તે જ હિલ્ટને ન્યૂયોર્કમાં ફાઈવસ્ટાર હોટલ બનાવી. આજે જગતભરમાં હિલ્ટન હોટલની હારમાળા ખડી થઈ ગઈ છે. આ છે દૃઢ નિશ્ચય-ચિત્રનું પરિણામ.

કોઈપણ સિદ્ધિ હાંસલ કરવા માટે પ્રથમ સંકલ્પનું બીજ હૃદયમાં વવાવું જોઈએ અને તે સંકલ્પ અંગેનું ચિત્ર (visual-ization) સ્પષ્ટ કરીને નિયત સમયમર્યાદામાં શ્રદ્ધાપૂર્વક પુરુષાર્થ આદરવામાં આવે તો સિદ્ધિનાં શિખરો સર કરી શકાય.

વિઝ્યુલાઇજેશન એ આત્મવિશ્વાસથી સક્ષમ લોકોનો ગુણ છે. તે ધ્રુવના તારાસમાન છે. તે આપણને સતત માર્ગદર્શન આપી આપણો માર્ગ પ્રશસ્ત કરે છે

ભવિષ્યમાં અમુક સમયે તમે શું બનવા માંગો છો? અથવા શું પામવા માંગો છો? તેનું સ્પષ્ટ ચિત્ર એ જ વિઝ્યુલાઈજેશન છે. વિઝ્યુલાઈજેશન એ આત્મવિશ્વાસથી સક્ષમ લોકોનો ગુણ છે. તે ધ્રુવના તારાસમાન છે. તે આપણને સતત માર્ગદર્શન આપી આપણો માર્ગ પ્રશસ્ત કરે છે. આપણી સર્જનાત્મક રીતે વિચારવાની, કલ્પના કરવાની ક્ષમતાનો ઉપયોગ દરરોજ થોડો સમય કાઢીને કરવાથી આશ્ચર્યભર્યાં પરિણામો લાવી શકાય છે. વિઝ્યુલાઈજેશનથી જ વિઝન સાકાર થાય છે.

અમેરિકાના ટેનિસીમાં વિલ્મા રૂડોલ્ફ નામની બાળકીનો જન્મ થયાને ૪ વર્ષે તેને પોલિયો લાગુ પડ્યો. ડૉ. કહે, 'તે પોતાના પગ ક્યારેય પૃથ્વી પર નહીં મૂકી શકે.' તેથી તેને બ્રેસ પહેરાવવા પડતા. પણ તેણે મનમાં જોયું, 'મારે આ પૃથ્વી ઉપર સૌથી ઝડપી દોડનારી સ્ત્રી બનવું છે.' નવ વર્ષે તેણે બ્રેસ કાઢી નાખ્યા ને પૃથ્વી પર પગ મૂક્યો. ૧૩ વર્ષે સ્પર્ધામાં ભાગ લીધો, પણ છેલ્લી આવી. ૧૫ વર્ષે એડ્વર્ડ ટેમ્પલ કોચ તરીકે મળ્યા. ૧૯૬૦ના ઓલિમ્પિકમાં તે ઊતરી. ૧૦૦મી, ૨૦૦મી, ૪૦૦મી રિલેમાં જીતેલી, અપરાજિત હતી. ૩ ગોલ્ડ મેડલ જીત્યા. ત્યારે પ્રિન્ટ મીડિયાએ છાપ્યું કે, 'A paralytic woman became the fastest woman.' અને તેનું વિઝન સાકાર થયું.

મિત્રો, જો તમારી પાસે કશુંક સારું છે, અને તેના આધારે કોઈ ઉચ્ચ ધ્યેયની પ્રાપ્તિનું સ્વપ્ન ન જુઓ તો તમે એને ક્યારેય પ્રાપ્ત કરી શકશો નહીં. જે કંઈ અવરોધો છે તે તમારા મનના છે. માટે મનમાં સફળતાનું ચિત્ર જોવાનું શરૂ કરી દો.

પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજનો સંકલ્પ હતો- 'દિલ્હીમાં યમુનાના કાંઠે મંદિર કરવું છે.' બીજા બધાને આ કઠિન લાગતું પરંતુ પ્રમુખસ્વામી મહારાજના મનમાં અક્ષરધામ સાકાર જ હતું. પરિણામે ૩૫ વર્ષના સંઘર્ષ પછી દિલ્હીમાં મળેલી જમીન પર માત્ર ૫ વર્ષમાં ભવ્ય અક્ષરધામનું સર્જન કર્યું. ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્ઝ બુકમાં 'વિશ્વના સૌથી મોટા હિંદુ મંદિર' તરીકે સ્થાન પામેલા આ બેનમૂન પરિસરે, ભારતીય મંદિર પરંપરાની જાણે વ્યાખ્યા જ બદલી નાંખી.

સ્વામી વિવેકાનંદનું એક વિધાન અહીં યાદ આવે છે કે 'એક વિચાર, એક આદર્શ પકડો. તેને તમારું જીવન જ બનાવી દો. તેના જ વિચાર કરો, તેનાં જ સ્વપ્ન સેવો, તેને જ તમારો શ્વાસપ્રાણ બનાવો. તમારું મસ્તિષ્ક, સ્નાયુઓ, જ્ઞાનતંતુઓ શરીરનું પ્રત્યેક અંગ તદ્રૂપ કરી નાખો.'

આજે રક્ષાબંધનનો પવિત્ર દિન છે. આજના દિવસે આપણે પણ મનમાં કોઈ ઉચ્ચ સંકલ્પ કરીએ. આપણાં મન અને મસ્તિષ્ક તે શ્રેષ્ઠ વિચારથી સમૃદ્ધ કરીએ. તેને આપણું સ્વપ્ન બનાવીએ. એક એવા સુખમય સંસારની પરિકલ્પના કરીએ જ્યાં સૌ કોઈ પ્રેમ અને શાંતિથી જીવી શકે.

પરાગ જો અંતરમાં હશે, તો તે પાંગરીને કદી પુષ્પ ખીલશે;
મનોરથો સ્વપ્ન મહીં હશે, તો સિદ્ધિરૂપે કાર્ય વિશે જન્મશે.

sanskar@sandesh.com

હતાશાની વચ્ચે પણ હાસ્ય

જન્મથી મૃત્યુ સુધીનાં અનેક દુ:ખો અને પ્રશ્નો કૃષ્ણ ભગવાને સહન કર્યાં છે છતાં કોઈ ફરિયાદ નહીં. વૃંદાવનનું એ મીઠું હાસ્ય ક્યારેય ઓસર્યું નથી

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આ વતીકાલે શ્રીકૃષ્ણ-જન્માષ્ટમી છે. ભગવાન કૃષ્ણ એટલે યુગાવતાર! પૂર્ણાવતાર! માનવજીવનના દરેક પાસાને તેમનું જીવન સ્પર્શે છે. જીવનસંગ્રામમાં વિજયી બનવા માંગતા પ્રત્યેક મનુષ્ય માટે કૃષ્ણ એક આદર્શ છે. તેઓ જીવન જીવવાનો પાઠ આપનાર અલૌકિક અને લોકોત્તર શિક્ષક છે. મોતની ટ્રેનની રાહ જોતી જિંદગીના પ્લેટફોર્મ પર બેઠેલી હતાશ વ્યક્તિના મુખ પર ફરીથી હાસ્ય હિલોળા લઈ શકે એવું ભગવાનનું પ્રેરક જીવન આપણી સમક્ષ છે.

પોતાના જીવનનાં વિવિધ ચરિત્રોના આધારે યોગેશ્વર, દામોદર, રણછોડ, મુરારિ વગેરે અનેક નામોથી વિખ્યાત થયેલા તેઓનું એક વિશિષ્ટ નામ છે મોરલીધર. ત્રિભંગી મુદ્રામાં ઊભા રહી હોઠ પર મોરલી રાખી બે હાથથી તેને વગાડતાં મોરલીધર શ્રીકૃષ્ણનું દર્શન અત્યંત મધુર છે. આજે માણસ પોતાનાં દુ:ખોનો રાઈમાંથી મેરુ બનાવી રોદણાં રડ્યા કરે છે ત્યારે અનેક દુ:ખોની વચ્ચે પણ આ રીતે આનંદની મોરલી વગાડતાં કૃષ્ણનું જીવન આપણને ઘણું કહી જાય છે, પરંતુ મોરલીધરની મોરલીની મીઠપની પાછળ તેમણે સ્વયં પીધેલી કડવાશને જાણો છો?

હા, તેઓનો જન્મ જેલમાં થયો. જન્મતાંવેંત માતા-પિતાનો વિયોગ. મામા કંસ અને માસી પૂતનાનો ઘાતક પ્રેમ પામ્યા. બાળપણમાં શકટાસુર, બકાસુર, અઘાસુર, ધેનુકાસુર, પ્રલંબાસુર જેવા અસુરોનો સામનો કર્યો. નાનપણમાં જ આખા ગામમાં બદનામી થઈ ગઈ કે ચોર છે, માખણચોર છે. 'કૃષ્ણાય સ્વાહા' બોલીને આહુતિ આપનાર ઋષિઓનો અનાદર સહ્યો. રાધા અને ગોપીઓ આદિ પ્રિયજનોનો સદા માટે વિરહ સહન કરવાનો થયો. કંસને મારીને પણ જીવનમાં નિરાંતે બેસવા મળ્યું નથી. મથુરામાં રાજ કરતા થયા ત્યાં તો જરાસંધ આવીને તૂટી પડ્યો. ભારતભરના ક્ષત્રિયોને ભેગા કરી ૧૭ વખત મારવા આવ્યો. તેનાથી ભાગીને ગુજરાતમાં આવીને દ્વારકા વસાવી. ભક્તોના સંકલ્પની પૂર્તિ માટે કે દુ:ખિયાઓના ઉદ્ધાર માટે ૧૬,૧૦૮ રાણીઓને પરણ્યા. એ દરેક રાણીને દસ દીકરાઓ અને એક દીકરી હતાં, તેના કેવા અને કેટલા પ્રોબ્લેમ્સ હશે? એ તો કલ્પના જ રહી!

અંગત કોઈ પ્રશ્ન નહીં છતાં ભાઈ-ભાંડુઓના ઝઘડામાં ભાગ લેવાનું થયું. દુર્યોધનને સમજાવવા ગયા પણ માન્યો નહીં. યુદ્ધમાંય પાછા મુખ્ય યોદ્ધા તરીકે નહીં પણ એક સારથિ તરીકે રહ્યા. વાંક વિના ગાંધારીનો કોપ પામ્યા. યુદ્ધ વગેરે પતાવીને દ્વારિકા આવ્યા અને પરિવાર સાથે પ્રભાસ ક્ષેત્રમાં પિકનિક કરવા ગયા. ત્યાં બધાં સ્વજનો દારૂ પીને છાકટા થઈ ઝઘડ્યા. જેમાં પુત્રો અનિરુદ્ધ, પ્રદ્યુમ્નથી લઈ પૌત્ર સાંબ અને સાત્યકિ જેવા મોટા મોટા સહિત બધા મૃત્યુ પામ્યા. પોતાની નજર સામે જ પોતાના પુત્રો-પૌત્રો એકબીજાનું ખૂન કરી નાંખે, આવું આઘાતકારી દૃશ્ય પણ તેઓને જોવાનું થયું. અંતે પારધીના ઝેરીલા બાણથી અપમૃત્યુ જેવું મૃત્યુ પામ્યા. તેઓની તમામ સંપત્તિ પણ દરિયામાં નાશ પામી ગઈ.

આમ, જન્મથી મૃત્યુ સુધીનાં અનેક દુ:ખો અને પ્રશ્નો કૃષ્ણ ભગવાને સહન કર્યાં છે છતાં કોઈ ફરિયાદ નહીં. વૃંદાવનનું એ મીઠું હાસ્ય ક્યારેય ઓસર્યું નથી. ગીતામાં તેમના માટે **પ્રહસન** (હસતા થકા) શબ્દ વપરાયો છે. રથના એક કિનારા પર બેઠેલો હતાશ અર્જુન સમસ્ત માનવજાતિનો પ્રતિનિધિ છે. તેને ફરીથી ઊભો કરીને ભગવાને સિદ્ધ કરી દીધું કે ગમે તેવી હતાશામાંથી બહાર નીકળી શકાય છે. કૃષ્ણ ભગવાને જીવનભર આનંદ અને પ્રેમની મોરલી વગાડીને બીજાને પણ આનંદમાં રાખ્યા છે. પ્રમુખસ્વામી મહારાજે પણ કૃષ્ણ ભગવાનની પ્રતિમાને અક્ષરધામ સહિત વિશ્વનાં એક હજારથી વધુ મંદિરોમાં પ્રતિષ્ઠિત કરીને તેમને મહાન અર્ઘ્ય અર્પણ કર્યું છે.

અનેક દુ:ખો વચ્ચે હસતાં રહેવું એ મહાન પુરુષોની જીવન જીવવાની રીત છે. સમાજ અને રાષ્ટ્રના હિત માટે અનેક દુ:ખોના ઝેરી ઘૂંટડા પીને પણ સ્થિતપ્રજ્ઞ રહેલા પ્રમુખસ્વામી મહારાજે પણ મુંબઈમાં કહેલું 'અમારે બધા પ્રસંગો આનંદના જ છે. કાયમ આનંદ, આનંદ અને આનંદ છે.'

નિસ્સંદેહ, જીવન સુખ-દુ:ખનું ઘર છે, પરંતુ તેમાં પણ હસતું મુખ રાખવાની આ પ્રેરણા જીવનમાં ઉતારીને કૃષ્ણ જન્મોત્સવ સાર્થક કરીએ.

sanskar@sandesh.com

સાચો શત્રુ કોણ?

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

> **એવાં ઘણાં પરિબળો છે કે જેના કારણે શત્રુભાવના વધે છે. પણ આપણા મનમાં આપણે જેને શત્રુ માનીએ છીએ શું એ જ આપણા સાચા શત્રુ છે ખરા?**

જીવનની દરેક પરિસ્થિતિઓ સિક્કાની બે બાજુ જેવી હોય છે. સુખ-દુ:ખ, માન-અપમાન, હર્ષ-શોક, પ્રેમ-સંતાપ, આશા-નિરાશા, વેદના-સંવેદના, સંતોષ-તૃષ્ણા વગેરે બે અંતિમો વચ્ચે ઝૂલતું આપણું જીવન અનેક વિચિત્રતાને અભિવ્યક્ત કરે છે. માનવીય સંબંધોમાં આ બે અંતિમો મિત્રતા અને શત્રુતા ઉપર અવલંબે છે. આ સંબંધોમાં મિત્રતા સુખ, માન, હર્ષ, પ્રેમ અને આશાને પ્રગટાવે છે તો શત્રુતા દુ:ખ, અપમાન, શોક, નિરાશા અને વેદનાને જન્મ આપે છે.

શત્રુ કોને કહેવાય? કોઈ એક માનક પરિભાષામાં શત્રુને સમજવાનો પ્રયાસ કરવો એ શત્રુશબ્દ સાથે શત્રુતા કરવા જેવું થશે. એની વ્યાખ્યા કરવી અઘરી છે. કારણ એટલું જ છે કે પ્રત્યેક માનવીના મનમાં શત્રુને માપવા માટેના માપદંડ અલગ-અલગ હોય છે. આપણા દેહને પીડા આપનારને શત્રુ જ કહેવાય તે સદાય સાચું ન પણ બને. નહીં તો કડવું ઔષધ આપનાર માતા, શસ્ત્રક્રિયા કરનાર ડૉક્ટર શત્રુમાં ખપી જશે. વળી, જ્યારે આપણા મનધાર્યા કામમાં કોઈ મદદ ન કરે, અથવા તેમાં જે અડચણ કરે ત્યારે આપણે સામેવાળી વ્યક્તિને મનોમન આપણો શત્રુ માની લઈએ છીએ. વિદ્યાર્થી અવસ્થામાં ગૃહકાર્ય કરવામાં કોઈ મદદ ન કરે અથવા તો શાળામાં કોઈક નાનકડી ફરિયાદ કરે ત્યારે અંદર-અંદર શત્રુ માની લેવાય છે. આમાં ખાસ કરીને યુવાન અવસ્થામાં ઘણી વાર રોકટોક કરનારા પરિવારજનો પોતાના શત્રુ મનાય છે. વડીલોને ઘણીવાર કાર્યક્ષેત્રની અંદર સ્પર્ધાત્મક વાતાવરણના કારણે શત્રુભાવના ઉત્પન્ન થાય છે. આમ, એવાં ઘણાં પરિબળો છે કે જેના કારણે શત્રુભાવના વધે છે. પણ આપણા મનમાં આપણે જેને શત્રુ માનીએ છીએ શું એ જ સાચા શત્રુ છે ?

આપણે ઈતિહાસની ઘટના જાણીએ અને એના પરથી આ પ્રશ્નનો ઉત્તર મેળવવાનો પ્રયત્ન કરીએ. આપણે સૌ જાણીએ છીએ કે ભગવાન શ્રી રામ અને રાવણ વચ્ચે યુદ્ધ થયું હતું. રાવણના મનમાં રામ ભગવાન તેના શત્રુ હતા પણ શું રાવણના મૃત્યુનું કારણ રામ ભગવાન હતા કે તેના કામક્રોધાદિક સ્વભાવ? શ્રીકૃષ્ણ ભગવાન અને પાંડવો દુર્યોધનના મનમાં શત્રુ હતા. પણ તેના મૃત્યુનું કારણ શ્રીકૃષ્ણ ભગવાન અને પાંડવો હતા કે પછી તેનામાં રહેલો લોભ ? તેવી જ રીતે કંસના મૃત્યુની પાછળ કૃષ્ણ ભગવાન હતા કે તેનું અભિમાન? હા, દૈત્ય હિરણ્યકશિપુ પણ મરાયો તેની પાછળનું કારણ હતું તેનો અહંકાર. આમ, બાહ્ય શત્રુ તો કદાચ નિમિત્ત બને છે પણ આંતરિક સ્વભાવો જ મનુષ્યને પતનના માર્ગે લઈ જાય છે. લોભ, અહંકાર, ક્રોધ, વાસના, ઈર્ષ્યા, કપટ વગેરે આંતરિક દોષો જ આપણી પ્રગતિમાં અવરોધ રૂપ બને છે. તે જ આપણા શત્રુઓ છે.

ગીતા કહે છે કે આ કામ-ક્રોધ રૂપી શત્રુઓ જ આપણી પાસે ન કરવાનું કરાવે છે. ખરેખર, અનેક જન્મોથી સંચિત આપણા આવા મલિન સ્વભાવો જ આપણા સાચા શત્રુ છે. આ શત્રુ આપણને દેખાતા નથી, જલદી ઓળખાતા પણ નથી. કારણ કે આ શત્રુઓ આપણી અંદર રહીને આપણા બની બેઠા છે. આ જ શત્રુઓ ધીરે ધીરે કરીને આપણને વિનાશ તરફ લઈ જાય છે. આ શત્રુઓ sugarcoated poisan જેવા છે. તેઓ ધીરે ધીરે કરીને આપણા આખા શરીરમાં દુર્ગુણોનું ઝેર ફેલાવ્યા કરે છે. આપણને આપણી આસપાસ ઘણા એવા દાખલા મળશે કે જેમાં સમૃદ્ધિની ટોચ પર પહોંચેલા માણસો ક્ષણવારમાં અધોગતિના પંથે ચઢી જાય છે. ઊંડા ઊતરીએ તો આ જ કારણ મળશે- કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા વગેરે સ્વભાવો.

તો હવે બીજો પ્રશ્ન થાય કે આવા વિનાશકારી શત્રુઓનો વિનાશ કેવી રીતે કરવો? આના ઉત્તરમાં ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે, 'સ્વભાવ ઉપર જે શત્રુપણું રાખવું એ જ સર્વ વિચારમાં શ્રેષ્ઠ વિચાર છે.' હા, જ્યાં સુધી સ્વભાવ રૂપી શત્રુઓને પંપાળ્યા કરીશું ત્યાં સુધી તેઓ બળવાન બનશે. માટે તેમની સાથે વેર બાંધી ભગવાનની નિષ્ઠાના વિચારથી સ્વભાવ રૂપી શત્રુઓને હરાવવાનો પ્રયત્ન કરીએ.

sanskar@sandesh.com

મને કોઈ સમજતું નથી

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

> **અસંતોષના મૂળમાં ડોકિયું કરતા દરેકનું હૈયું એક જ વાતની રાડ પાડી રહ્યું છે. મને કોઈ સમજતું નથી. સંબંધોમાં આવેલી તિરાડમાં દરેકને એમ જ છે કે મને કોઈ સમજતું નથી**

વર્તમાન યુગમાં છુટાછેડા લેનારાં દંપતીઓના આંકડા ચોંકાવનારા છે. કેવળ અમેરિકામાં એક જ વર્ષમાં (૨૦૧૦) કુલ ૨૦,૯૬,૦૦૦ લગ્નની સામે સામે ૧૧,૧૦,૦૦૦ છુટાછેડાના કેસ નોંધાયા. જેનો સરેરાશ આંક ૫૩% થાય છે. તો આખા વિશ્વની શું દશા હશે? પરંતુ સમાજમાં આ એક જ પ્રશ્ન નથી. સાસુ અને વહુનો આદિકાળથી ચાલ્યો આવતો ટંટો, દિવસે ને દિવસે વધતો જાય છે. બાળકો ને માતાપિતા વચ્ચેનો સ્નેહસંબંધ ધીમે ધીમે ઓગળતો જાય છે, વૃદ્ધાશ્રમો ઉભરાતા જાય છે. કોઈક જગ્યાએ ભાઈ ભાઈ વચ્ચે મોટી ખાઈ સર્જાઈ છે. ક્યાંક દેરાણી જેઠાણી વચ્ચે આગ લાગી છે. સંબંધોમાં અસંતોષની ચિનગારી વધતા ઓછા અંશે દરેકને દઝાડી રહી છે, પરંતુ એ અસંતોષના મૂળમાં ડોકિયું કરતા દરેકનું હૈયું એક જ વાતની રાડ પાડી રહ્યું છે. મને કોઈ સમજતું નથી. હા, સંબંધોમાં આવેલી તિરાડમાં દરેકને એમ જ છે કે મને કોઈ સમજતું નથી.

શું આ ઉકેલ સાચો છે ?

રામાયણની એક વાત દ્વારા સમજીએ. શ્રીરામ, લક્ષ્મણ, જાનકી પોતાનો વનવાસ ધીરજ રાખી પસાર કરી રહ્યાં હતાં. એક દિવસ શ્રીરામે દિવ્યદેહે ઊર્મિલાને દર્શન દીધાં અને લક્ષ્મણના કુશળ સમાચાર આપ્યા. સાથે તેના આ વિરલ ત્યાગ બદલ તેને કંઈક માંગવા કહ્યું. ત્યારે ઊર્મિલાએ કહ્યું રઘુવંશની પુત્રવધૂ થવાનું મને જે સૌભાગ્ય મળ્યું છે એ શું ઓછું છે? છતાં આપવું હોય તો એવું કરજો કે વનવાસ દરમ્યાન મારા પતિને મારું સ્મરણ સ્વપ્નમાં પણ ન આવે જેથી આપની સેવામાં ખામી ન આવે. કેવી આ મહાન માંગણી હતી!

પરંતુ એની માગણીની પ્રશંસા કરવા કરતાં એની લાગણીને સમજવી આપણા માટે વધુ આવશ્યક છે. જ્યાં ૧૪ વર્ષ વિનાકારણે છતાં પતિએ પતિવિહોણા રહેવાની ફરિયાદ નહોતી. સાસુ પ્રત્યે ઘૃણા નહોતી. પતિ માટે રોષ નહોતો. પિયર જતા રહેવાની ધમકી નહોતી. કે લક્ષ્મણને પાછા બોલાવી લેવાની રોકકળ નહોતી. મહેલમાં રહીને તપસ્યા કરનારી એ પતિવ્રતાના મનમાં એક જ અભિલાષા હતી- લક્ષ્મણની કર્તવ્યનિષ્ઠામાં આંચ ન આવવી જોઈએ ! પોતાની પરિસ્થિતિને રડવા કરતાં એણે લક્ષ્મણની પરિસ્થિતિને સમજવામાં શાણપણ માન્યું.

સામે લક્ષ્મણ પણ મોટા ભાઈ અને ભાભીની પરિસ્થિતિ સમજ્યા અને સેવક બનીને ચાલી નીકળ્યા. ભગવાન રામ પિતાના પરવશપણાને સમજ્યા અને રાજગાદીને ઠોકરે ચડાવી. માતા કોશલ્યા કૈકેયીની પ્રકૃતિને સમજ્યાં અને પોતાના લાડકવાયા કુંવરને માથે સુવર્ણ મુગટ મૂકવાની જગ્યાએ કાંટાળી કેડીએ પ્રસ્થાન કરવા આશીર્વાદનો અભયહસ્ત મૂક્યો.

પણ જો આમાંથી કોઈ એકેયે સ્વકેન્દ્રિત થઈને બળવો પોકાર્યો હોત તો શ્રીરામને યુદ્ધ ખેલવા સાગર વળોટવો ન પડ્યો હોત. અયોધ્યા જ પોતે સમરાંગણ બની લંકાની જેમ બળીને ખાખ થઈ જાત, પરંતુ જ્યારે દરેક વ્યક્તિ બીજાને સમજવા માટે તત્પર હોય ત્યારે હૃદયમાં અને પરિવારમાં કેટલી શાંતિ સ્થપાય છે, તેનું આ ઉદાહરણ છે. કેવળ ઉદાહરણ નહીં પણ માનવહૃદયમાં સળગતા પ્રશ્નનો ઉકેલ છે.

કહેવાયું છે : **It is more important to understand others, than to be understood.**

તા. ૧૯/૨/૭૫નો દિવસ છે. પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ આણંદ શહેરમાં પધરામણીઓ કરી રહ્યાં છે. પોતાના સ્વાસ્થ્ય અને થાકને અવગણીને દરેક ખોરડેથી ઓરડે તેઓ ઘૂમી રહ્યા છે. કેટલીય શેરીઓ ખૂંદીને પોતે બપોરે બે વાગ્યે ભોજન માટે ડાહ્યાભાઈ ગજ્જરના ઘેર પધાર્યા. ભરતાપમાં નીચોવાઈ ગયેલા પોતાના દેહ માટે સ્વામીએ પાત્રમાં થોડું ભોજન લીધું અને એક મુમુક્ષુ આવી ચડ્યા : 'સ્વામી મારે ત્યાં પધરામણી બાકી છે.' 'ના મનુભાઈ, અમે તમારે ત્યાં આવ્યા હતા. પધરામણી કરી, પુષ્પો છાંટ્યાં,' સંતોએ જવાબ આપ્યો. પણ સ્વામી હું હાજર નહોતો. જાણે મનુભાઈએ ફરી આમંત્રણ આપ્યું.

સંતો મનુભાઈને સ્વામીશ્રીની પરિસ્થિતિથી જ્ઞાત કરે એ પહેલાં તો સ્વામીશ્રી મનુભાઈના મનને સમજી ગયા. જમવાનું પાત્ર ઠેલીને મનુભાઈને રાજી કર્યા. હા, બીજાને સમજવામાં જ સમાધાન છે, શાંતિ છે.

sanskar@sandesh.com

સારા દેખાવું છે કે સારા થવું છે?

આ જગત આપણને રોજ શીખવે છે કે તમે સારા, સુંદર અને સ્વસ્થ બનો. આનો અર્થ માત્ર શારીરિક રીતે સુંદર થવું એવો નથી. ઘણા લોકો બાહ્ય રીતે સારા, સુંદર અને સફળ થવામાં જ જીવનની ઈતિશ્રી સમજે છે; જો મારી પાસે બધા કરતાં સારી નોકરી હોય તો હું સારો દેખાઈશ. જો મારી પાસે બધા કરતાં વધુ કીર્તિ હશે તો હું સારો લાગીશ. જો મારો પગાર બધા કરતાં સારો હશે તો સમાજમાં વટ પડી જશે! આપણે કેવી માનસિકતા સાથે જીવી રહ્યા છીએ? પરંતુ એક સક્ષમ રાષ્ટ્રના નિર્માણ માટે આપણી આ માનસિકતાને બદલવી જ પડશે.

આ માનસિકતાને જાણે દિશા આપતાં હોય તેમ લંડન યુનિવર્સિટીના ચાન્સેલર રુડ્યાર્ડ કિપ્લિંગે પદવીદાન સમારંભમાં પોતાના વિદ્યાર્થીઓને કહ્યું હતું કે 'તમે બધા આ યુનિવર્સિટીમાંથી વિદાય લઈ રહ્યા છો. તમને સારી નોકરી મળશે, સારો પગાર મળશે અને કીર્તિ પણ મળશે. પણ યાદ રાખો કે એક દિવસ આવશે જ્યારે તમે એવા માણસને મળશો કે જેની પાસે આમાંથી એક પણ વસ્તુ નહીં હોય. છતાં એમની આગળ તમને નાનપનો અનુભવ થશે, કારણ કે એમની પાસે ચારિત્ર્ય હશે.' એટલે કે આપણે ઉજળા થવાનું છે પણ સાબુ કે શેમ્પૂથી નહીં પરંતુ ચારિત્ર્યથી! આપણે સારા દેખાવાનું છે ધનથી નહીં પરંતુ ચારિત્ર્યથી, કારણ કે ચારિત્ર્ય એ આપણા અને રાષ્ટ્રના જીવનનો આધારસ્તંભ છે.

> **ચારિત્ર્ય એ આંતરિક વ્યક્તિત્વનો પાયો છે. ચારિત્ર્યમાં ધર્મ, નિયમ, વિવેક, સદાચાર, મદદ વગેરે અનેક ગુણોનો સમાવેશ થાય છે. પ્રમુખ સ્વામી મહારાજ કહેતાં કે 'ચારિત્ર્ય આપણો પાયો છે**

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ચારિત્ર્ય એ આંતરિક વ્યકિતત્વનો પાયો છે. ચારિત્ર્યમાં ધર્મ, નિયમ, વિવેક, સદાચાર, મદદ વગેરે અનેક ગુણોનો સમાવેશ થાય છે. પ્રમુખ સ્વામી મહારાજ કહેતાં કે 'ચારિત્ર્ય આપણો પાયો છે. ઈમારત ગમે તેટલી ઊંચી બાંધશો, તેને રોશનીથી તમે શણગારશો પરંતુ જો પાયો કાચો હશે તો જરૂર એક દિવસ તે પડશે જ. ચારિત્ર્યને ભૂલીને આપણે ગમે તેટલા કોસ્મેટિકનો ઉપયોગ કરી શરીરને શણગારીશું પરંતુ તે બધું જ ગુમાવ્યા બરોબર છે.' હા, સારા દેખાવા માટે કોસ્મેટિક પ્રસાધનોથી ચાલી શકે, પરંતુ સારા બનવા માટે દૃઢ ચારિત્ર્યનું બળ જોઈએ અને આ બળ મેળવવા સંપૂર્ણ સમર્પણ, ધીરજ અને જાત સાથેની નિખાલસતા જોઈએ.

પરંતુ આટલું ધૈર્ય ધારણ કરવું આપણા માટે કઠણ બનતું જાય છે. તેથી જ તો દુનિયાને બતાવવા માટે આપણે જે નથી તે બનવાનો પ્રયત્ન કરીએ છીએ. એક વાર એક મોટી કંપનીના પ્રોડક્શન મેનેજરને પ્રમોશનની બહુ તાલાવેલી લાગી. મેનેજર મૂળ તો ગામડામાંથી આવેલા. સાત પેઢીમાં એક તેઓ જ ભણીગણીને એમ.બી.એ. સુધી પહોંચેલા. એક મધ્યમવર્ગીય ભારતીયની જેમ તેઓ પણ ગામડાની માટીમાંથી ઊભા થઈને શહેરની ઊંચી ઈમારતોને આંબવાનાં સ્વપ્ન સેવતા હતા. તેમના બોસ પરદેશમાં જ ઊછરેલા. તેઓ ભારતની જુનવાણી રીતભાતથી ખૂબ ચીડાતા. કંપનીમાં જે વેસ્ટર્ન કલ્ચરની પ્રશંસાના શબ્દો નીરે અને દેશની સંસ્કૃતિને નિંદે તે બોસના પ્રિયપાત્ર બની જતા. પ્રમોશન અને પ્રતિષ્ઠા પણ આવા ખુશામદ-મિજાજ માણસોને મળતાં. ફાઈનાન્સ મેનેજરે પણ આ માર્ગનો સહારો લઈને નવી સ્કોડા કાર મેળવેલી. હવે પ્રોડક્શન મેનેજરે પણ આ રસ્તો અપનાવ્યો. જોકે તેમનો ગામડાનો ઉછેર તેમની ઉછીની આધુનિક ભાષા અને ભૂષામાંથી અવારનવાર ડોકિયું કરી બેસતો. છતાં તેમણે બોસને ઈમ્પ્રેસ કરવાની એકેય તક જવા દીધી નહીં. એક વાર તો મેનેજરે પોતાના બોસને પોતાના ઘરે જમવાનું આમંત્રણ આપ્યું. બોસને રાજી કરવા ઘરમાં બધું જ આધુનિક ઢબે બદલવાનો પ્રયત્ન કરેલો. જમવાના ટેબલ ઉપર ખૂબ 'બટર'નો ઉપયોગ થયો. બોસ વેસ્ટર્ન કલ્ચરની પ્રશંસા સાંભળીને બધું ન્યોછાવર કરવા તત્પર હતા. જમ્યા પછી બહાર નીકળતી વખતે બોસે ત્યાં જુનવાણી વેશ અને ભેષમાં બેઠેલાં એક ડોશીમા વિશે પૂછ્યું. મેનેજરે કહ્યું, 'આ ઘરની નોકરાણી છે.' હા, મેનેજરે પોતાની માતાને પણ નોકરાણી બનાવી દીધી. આ છે સારા દેખાવાની તત્પરતા, જેમાં માણસ પોતે કેટલો ખરાબ થઈ જાય છે !

sanskar@sandesh.com

માન મોટો શત્રુ

'હું ભાવ' દૂર થાય ત્યારે બ્રહ્મનો પ્રકાશ રેલાય. અજ્ઞાન તિમિરને હરવા માટે આ દિવ્ય તેજપુંજની આવશ્યકતા છે

માણસમાત્રના મનમાં શત્રુનું ચિત્ર કાંઈક આવું હોય છે. આપણી સામે પડેલો, હથિયાર ધારણ કરીને આપણને મારવા માટે તત્પર, ભય ઊભો કરનાર...વગેરે. આ બહારના શત્રુનું ચિત્ર હોઈ શકે. પણ આપણી અંદર પણ એક ભયંકર અને વિકરાળ શત્રુ છુપાયેલો છે... અજેય શત્રુ ! હા, આ શત્રુ છે માનરૂપી શત્રુ! માનવની અંદર બેઠેલો આ માનરૂપી શત્રુ વ્યાવહારિક જીવનમાં પ્રગટ થઈને ડગલે ને પગલે તેનું અહિત કરતો આવ્યો છે.

એક મહાન શિલ્પી હતો. એણે ઘડેલી પ્રતિમાઓ હંમેશાં જીવંત લાગતી. મૃત્યુનો સમય નજીક આવ્યો એટલે એણે યમના દૂતોને છેતરવાનો નિર્ણય લીધો. એણે પોતાના જેવી જ સાત મૂર્તિઓ કંડારી. પછી બધી મૂર્તિઓને એક પંક્તિમાં સુવાડીને બાજુમાં પોતે સૂઈ ગયો. યમના દૂતો શિલ્પીના આત્માને લેવા આવ્યા ત્યારે એકના બદલે એકસરખાં આઠ શિલ્પને જોઈ ભારે વિમાસણમાં પડી ગયા. બહુ ઝીણવટથી નિરીક્ષણ કરવા છતાં સાચો શિલ્પી ઓળખાયો નહીં, એટલે દૂતો યમરાજ પાસે પાછા ગયા અને એમને પોતાની મૂંઝવણ વ્યક્ત કરી. યમરાજાએ એમને એક યુક્તિ બતાવી. દૂત ખુશ થતાં થતાં પાછા શિલ્પીના ઘરે આવ્યા. આઠે શિલ્પીઓની આસપાસ ફરી ફરીને મુખ્ય દૂતે મોટેથી કહ્યું: 'શિલ્પીએ કારીગરી તો સરસ કરી છે પણ માત્ર એક જ ભૂલ રહી ગઈ છે.' 'ના હોય, મારી ભૂલ હોય કદી? ક્યાં છે બતાવો?' એમ કહીને શિલ્પી ઊભો થઈ ગયો. શિલ્પી નહીં, ખરેખર તો તેનું માન ઊભું થઈ ગયું. દૂતોએ કહ્યું : 'આ જ તારી ભૂલ.' અને એના આત્માને ખેંચીને લઈ ગયા.

એટલે જ કહ્યું છે: અહમ, તું જ મૃત્યુ છે. અરે, મરીને નહીં, જીવતાં પણ માનને લીધે મનુષ્ય પાપની શૃંખલા સર્જે છે. સંત તુલસીદાસજી જણાવે છે:

દયા ધરમ કો મૂલ હૈ,
પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છોડિયે
જબ લગ ઘટ મેં પ્રાન.

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

'ધર્મના મૂળમાં દયા છે તો એની સામેના છેડાના કર્મ-પાપના મૂળમાં અભિમાન છે. આમ કહી તુલસીદાસજીએ અભિમાનને ઘણો મોટો દુર્ગુણ બતાવ્યો છે. દયાવિરોધી વૃત્તિ તરીકે ક્રૂરતાને ગણાવવાને બદલે અભિમાનને ગણાવી તેઓ સૂચવે છે કે અભિમાન ક્રૂરતાથી પણ ચડિયાતો દુર્ગુણ છે.

અહંકારથી સ્પર્ધા-હરીફાઈનો ભાવ જાગે છે ને એમાંથી વેરની ખતરનાક વૃત્તિ ઉદ્દભવે છે. અભિમાન પર હુમલો થતાં માણસનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠે અને તરત જ કલહનો દાવાગ્નિ સળગી ઊઠે. અહંકારના કારણે લડાયેલાં યુદ્ધોના દાખલા ઈતિહાસમાં શોધવા જવા પડે એમ નથી.

ભારતના મધ્યકાલીન ઈતિહાસમાં રાજાઓના અહમ અને પતનના ઘણા દાખલા જોવા મળે છે. પૃથ્વીરાજ અને જયચંદ વચ્ચેનું વેર અભિમાનનું પરિણામ છે અને પૃથ્વીરાજ શાહબુદ્દીન ઘોરીના હાથે પરાજય પામ્યો એનું કારણ પણ અભિમાન! આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારીએ તો આત્મા અને પરમાત્માના જોડાણ વચ્ચે અભિમાનનો ખડક જ અંતરાય રૂપ થઈ પડે છે. અહંકારમાંથી રાગદ્વેષ ઉદ્દભવે છે, મારા-તારાનો ભેદ સર્જાય છે અને માયાનું સર્જન થાય છે. અહંકારના નાશ સાથે માયા નાશ પામે છે, પરિણામે આત્મા બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે, પરંતુ માણસ અજ્ઞાનતાને કારણે 'હું ભાવ' છોડતો નથી.

નરસિંહ મહેતા લખે છે-

હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા
શકટનો ભાર જેમ શ્વાન તાણે.

જીવનમાંથી 'હું ભાવ' દૂર થાય ત્યારે જ બ્રહ્મનો પ્રકાશ રેલાય છે. અજ્ઞાન તિમિરને હરવા માટે આ એક દિવ્ય તેજપુંજની આવશ્યકતા છે. હું કાંઈ નથી, બધા મારાથી મોટા છે. એવી ભાવનાનો સતત આલોચ જ માનરૂપી શત્રુને હણી શકે છે.

સને ૧૯૮૯ માં સારંગપુરમાં પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજનો ઈન્ટરવ્યૂ લેવાતો હતો. સભામાં વિશાળ જનમેદની વચ્ચે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછવામાં આવ્યો: 'બાપા! આપને શું થવું ગમે?' સ્વામીશ્રી તરત બોલ્યા, 'અમને સેવક થવું ગમે.' આમ, સેવા અને દાસત્વનો બોધ આપીને સ્વામીશ્રીએ માનરૂપી શત્રુથી પરાભવ ન પામવાનો શાશ્વત ઉપાય બતાવી દીધો.

sanskar@sandesh.com